# વઘાસ પ્રાથમિક શાળા

મુ.પો.–વઘાસ, તા. કપડવંજ, જિ. ખેડા, ગૃપ : –ઘડિયા

શાળા સ્થાપના–૦૮/૦૨/૧૯૫૪      શાળાનો ડાયસકોડ– ૨૪૧૬૦૨૦૯૧૦૩

તા-**29/1/2018**

## 3D ફિલ્મનું નિદર્શન (હાઉસફુલ શો )



ગુજરાત સરકારનો અજોડ કહી શકાય એવો જ્ઞાનકુંજ પ્રોજેકટ દિન પ્રતિદિન વધુને વધુ સફળ થતો જણાય છે. અત્રેની શાળામાં આજ રોજ આ પ્રોજેક્ટના માધ્યમથી  બાળકોને 3D ફિલ્મ બતાવવાનું આયોજન કરવામાં આવ્યું. સૌ પ્રથમ ઈન્ટરનેટના માધ્યમથી 3D ફિલ્મ ડાઉનલોડ કરવામાં આવી  અને ફિલ્મ બતાવવા માટે ૩ડી ચશ્માંની પણ વ્યવસ્થા કરવામાં આવી.

આજના આ વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગે તેમજ જ્ઞાનકુંજ પ્રોજેકટે બળકોએ જે સપનાઓ જોયા હોય એ હકીકતમાં સિદ્ધ થતા હોય એવું લાગે છે. કેમ કે,જે બાળકોએ આજ દિન સુધી ઘણાએ થીયેટર પણ જોયું નથી તેવા બાળકોએ ઇન્ટરનેટના માદયમથી લાઇવ ૩ડી ફિલ્મ જોવા મળે એ પણ તદ્દન મફત તો એનાથી મોટી સફળતા અને સ્વપ્ન  શુ હોય શકે? આ ફિલ્મ ધોરણ પ્રમાણે શાળાના તમામ ૨૯૨ બાળકોને બતાવવાનું આયોજન ક્રમબદ્ધ રીતે કરવામાં આવ્યું. અને એમને પણ ખૂબ જ મઝા આવી.

આમ, વઘાસ પ્રા.શાળામાં 3D ફિલ્મનું આયોજન કરવામાં આવ્યું જેમાં તમામ બાળકો અને શિક્ષકોએ પણ ભાગ લીધો, દિન પ્રતિદિન જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ના માધ્યમથી બાળકોને  નવું જ્ઞાન મળતું રહે છે. અને શાળાના ઉત્સાહી શિક્ષકો ધ્વારા પણ રોજ નવું જ્ઞાન આપવાની મઝા આવે છે.

**વઘાસ પ્રા.શાળા**મારી કલ્પનાની શાળા**ની સ્માર્ટ કામ કરતી સ્માર્ટ ટીમ**

આભાર